L09004802731
Sender Name: ED (E&A)
Received Date 06/05/2015

ક્રમાંક–જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/03
જીઆઈડીસી, ઉદ્યોગભવન,ગાંધીનગર.
તા૦૫/૫/૨૦૧૫

//પરિપત્ર//

વિષયઃ– નિગમની જે માધ્યમિક વસાહતો નિર્દિષ્ટ વિસ્તાર જાહેર થયેલ હોય તેમાં વરિષ્ઠ નાગરિક પ્રવૃત્તિ કેન્દ્ર અને ભોજનશાળા માટે નિર્દિષ્ઠ વિસ્તાર સત્તા મંડળને ટોકન દરે જમીન ફાળવવા બાબતે.

સંદર્ભઃ– નિગમની ૪૭૮ મી સભામાં પસાર થયેલ ઠરાવ ક્રમાંક–૨૫/વિતરણ/૪૭૮/૨૦૧૫

નિગમના નિર્દિષ્ટ વિસ્તારો તરીકે જાહેર થયેલ વસાહતોમાં વરીષ્ઠ નાગરિકો માટે સવલત ઉભી કરવા માટે નાગરિક પ્રવૃત્તિ કેન્દ્રની સ્થાપના કરવા તેમજ ભોજન શાળાની સ્થાપના માટે જે તે વસાહતના નિર્દિષ્ટ વિસ્તાર સત્તા મંડળ ધ્વારા જો જમીન ફાળવવા માટે માંગણી કરવામાં આવે તો આવા નિર્દિષ્ટ વિસ્તાર સત્તા મંડળને જમીનની ઉપલબ્ધીના આધારે વધુમાં વધુ ૪૦૦ ચો.મી. જગ્યા રૂ.૧/– ના ટોકન દરે જે તે વસાહતોના રહેણાંક ઔદ્યોગિક વિસ્તારમાં ફાળવી શકાશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદર ઠરાવનો અમલ કરવાની સઘળી સત્તા માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને સોંપવામાં આવે છે.

સહી /–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાનાઃ–**

(૧) પ્રમુખશ્રી ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગંધીનગર નિગમની વેબસાઈટ ઉપરમુકવા સારૂ.

મંજુરી મુજબ જારી કર્યું

કાર્યપાલક નિયામક (ઈએન્ડએ).

put-up on website & report 6/5
A 6/5/15
MCS&A